નામ.ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને આધિન
મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી દ્વિતીય
ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક: **WCDD/CCR/e-file/23/2022/0869/Legal Cell**
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૪/૨૦૨૩

<u>વંચાણે લીધા :</u>

1) નામ. ગુજરાત હાઈકોર્ટના LPA/25/2023 in SCA/6818/2018 with MCA/409/2023ના કેસમાં આપેલ તા.૧૧/૦૧/૨૦૨૩ના રોજનું ઓરલ જજમેન્ટ.
2) નામ. ગુજરાત હાઈકોર્ટના LPA/14/2023 in SCA/9634/2022 with MCA/397/2023ના કેસમાં આપેલ તા.૧૦/૦૧/૨૦૨૩ના રોજનું ઓરલ જજમેન્ટ.
3) નામ. ગુજરાત હાઈકોર્ટના LPA/13/2023 in SCA/5526/2021 with MCA/421/2023ના કેસમાં આપેલ તા.૧૦/૦૧/૨૦૨૩ના રોજનું ઓરલ જજમેન્ટ.
4) મહિલા અને બાળ વિકાસ વિભાગનો હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૫/૧૦૩૫/બ, તા.૦૨/૦૫/૧૫

<u>//હુકમ//</u>

વંચાણે લીધા (૧)થી(૩) પરના નામ. ગુજરાત હાઈકોર્ટના ઓરલ જજમેન્ટથી નીચેના કોષ્ટક મુજબના કુલ:૦૩ પીટીશનરોને તેઓની મુખ્યસેવિકાની સેવામાં ૨૪ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. વંચાણે લીધા (૪) પરના વિભાગના હુકમથી નીચે મુજબના કુલ:૦૩ પીટીશનરોનું મુખ્યસેવિકાઓને પાત્રતાની તારીખથી નાણા વિભાગની અનુસૂચી મુજબ મળવાપાત્ર દ્વિતીય ઉ.પ.ધો. મંજુર કરેલ છે. નામ. ગુર્જરાત હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે નીચે મુજબના કુલ:૦૩ પીટીશનરોને ચુકાદા અનુસાર દ્વિતીય ઉચ્ચતર પગારધોરણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્યસેવિકાનું દ્વીતીય ઉચ્ચતર પગાર મંજૂર કરવામાં આવે છે:

૨/- નીચે મુજબના કુલ:૦૩ પીટીશનરોને મુખ્યસેવિકાની સેવામાં પાત્રતા તારીખથી દ્વીતીય ઉચ્ચતર પગારધોરણ છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં નીચેની વિગતો અનુસાર મંજૂર કરવામાં આવે છે. આ મંજૂરી વિભાગ દ્વારા નામ.ગુજરાત હાઇકોર્ટના LPA/25/2023 in SCA/6818/2018 , LPA/14/2023 in SCA/9634/2022 અને LPA/13/2023 in SCA/5526/2021ના કેસોમાં આપેલ તા.૧૦/૦૧/૨૦૨૩ અને તા.૧૧/૦૧/૨૦૨૩ના ચુકાદાઓ સામે નામ. સુપ્રિમ કોર્ટમાં વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | મુખ્ય સેવિકા/ સીડીપીઓનું નામ | જિલ્લો | મુળ નિમણૂકની તારીખ | ૨૪ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | મળવાપાત્ર દ્વિતીય ઉપધોની પાત્રતા તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ |
| ૦૧ | સુશ્રી જ્યોત્સનાબેન બી. ભાવસાર | સુરેન્દ્રનગર | ૦૧-૦૯-૮૨ | ૩૧-૦૮-૦૬ | ૦૧-૦૯-૦૬ | આમુખ-૪, ક્રમ:૦૧ |
| ૦૨ | સુશ્રી ગૌરીબેન એ. બઢીયા | ગાંધીનગર | ૨૯-૦૭-૮૦ | ૨૮-૦૭-૦૪ | ૨૯-૦૭-૦૪ | આમુખ-૪, ક્રમ: ૧૩ |
| ૦૩ | સુશ્રી લક્ષ્મીબેન એમ. પરમાર | મહેસાણા | ૦૬-૦૯-૮૨ | ૦૫-૦૯-૦૬ | ૦૬-૦૯-૦૬ | આમુખ-૪, ક્રમ: ૨૦ |

3/- ઉક્ત કર્મચારીનું દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે:

1) દ્વિતીય ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખથી છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.
2) આ મંજૂરી નામ. ગુજરાત હાઈકોર્ટના LPA/25/2023 in SCA/6818/2018 , LPA/14/2023 in SCA/9634/2022 અને LPA/13/2023 in SCA/5526/2021ના કેસોમાં આપેલ તા.૧૦/૦૧/૨૦૨૩

અને તા.૧૧/૦૧/૨૦૨૩ના ચુકાદાઓની સામે નામ. સુપ્રિમ કોર્ટમાં વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.

3) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.

4) નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.

૪/- વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએ નામ. ગુજરાત હાઈકોર્ટના **LPA/25/2023 in SCA/6818/2018 , LPA/14/2023 in SCA/9634/2022** અને **LPA/13/2023 in SCA/5526/2021**ના કેસોમાં આપેલ તા.૧૦/૦૧/૨૦૨૩ અને તા.૧૧/૦૧/૨૦૨૩ના ચુકાદાઓ અનુસાર આનુષાંગિક લાભો નિયત સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૮/૦૪/૨૦૨૩ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. આઈ. લેઉવા)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.......
5. મુખ્ય સરકારી વકીલશ્રીની કચેરી, નામ.ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
6. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. .........
7. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. .........
9. સબંધિત મુખ્યસેવિકા/સીડીપીઓ (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી, ............)
10. શાખા સિલેકટ ફાઇલ.